દાખલ થયા તારીખ : ૩૧/૭/૦૬
રજિ.લીધા તારીખ :૩૧/૭/૦૬
નિકાલ થયા તારીખ :૨૯/૬/૧૮.
સમય : વર્ષ– માસ– દિવસ–

**અમદાવાદના મે.એડિ.ચીફ મેંટ્રોપૉલીટન મેંજીસ્ટ્રેટ સાહેબની કૉર્ટ નં. ૭, અમદાવાદ.**

**ક્રિમી. કેસ નં. ૧૩૬૨/૦૬.**
**આંક : ૧૪.**

ફરિયાદી........................ શ્રી સ ર કા ર

વિરુઘ્ધ

આરોપી.................... વિનોદભાઈ રમેશભાઈ ચુનારા,ઉવ.પુખ્ત.
રહેવાસી: હરીપુરા, રૂષીનગર, બ્લોક નં.૩૩,
સામેના છાપરા, હરીપુરા, અમદાવાદ.

તહોમત ::– ઈ. પી. કો. કલમ :૩૨૪, ૨૯૪(ખ) તથા બી. પી. એકટની કલમ : ૧૩૫(૧) મુજબ.

ફરીયાદ પક્ષે ::– વિ.એ.પી.પી.શ્રી ત્રિવેદી.
આરોપી પક્ષે ::– વિ.વકીલશ્રી હરેશ પી. કાંબલીયા.

## **-:: ચુ કા દો ::-**

૧. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ બનાવના સમયે સ્થળે તા. ૨૨/૩/૦૭ના કલાક:૨૨/૦૦ વાગે ફરીયાદીના ઘર આગળ ફરીયાદીને માને તમે અમારા ઘર આગળ કચરો નાંખી ગંદકી કેમ કરો છો'' તેમ કહી બોલાચાલી ઝઘડો કરી, બીભત્સ ગાળો બોલી,લોખંડની પાઈપ વડે ફરીયાદીના જમણા કાન ઉપર માથાના ભાગે મારી ઈજા કરીં, ગુનો કર્યા સબબ ભારતીય દંડ સંહિતાની કલમ-:૩૨૪, ૨૯૪(ખ) બી.પી.એકટ કલમ:૧૩૫(૧) મુજબના ગુના સબબ અમરાઈવાડી પો.સ્ટે દ્વારા ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨. આ કામે ચાર્જશીટ રજૂ થતાં, આરોપીને સમન્સ કાઢતાં, આરોપી તેમનાં વિ.વ.શ્રી મારફત હાજર થતાં, ક્રિ.પ્રો. કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની ખાતરી આંક-૧ હેઠળ કર્યા બાદ, આંક-૩ થી તહોમતનામુ ફરમાવી, આંક-૪ થી જવાબ લેતાં, આરોપીએ તેઓની સામેનાં ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી, કામ પુરાવા ઉપર રહેતાં પુરાવો નોંધવાનું શરૂ કરવામાં આવેલ છે.

૩. આ કામે ફરિયાદ પક્ષનો પુરાવો શરૂ થતાં પહેલાં પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થતાં, તેઓએ આંક–પ થી સમાધાન પુરસીસ રજૂ કરતા, વંચાણે લીધી, પરંતુ, તહોમતદાર વિરુધ્ધનો ગુનો બિનસમાધાનકારી હોય, તે અંગે પરવાનગીનુ કોઈ ખાસ કારણ કે અરજી રજુ ન હોય આથી સમાધાન લગત કોઈ ન્યાયીક હુકમ ન કરી શકાય જેથી ફકત રેકર્ડ કરી આરોપી વિરુધ્ધ કેસ આગળ ચલાવેલ છે.

૪. ફરિયાદ પક્ષ તરફે તેમના કેસના સમર્થનમા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

ત્યારબાદ, ફરિયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ આંક–૧૩ થી કલોઝીંગ પુરસીશ રજૂ કરી, પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં, ફરિયાદ પક્ષે અન્ય કોઈ સાહેદોને આ કામે તપાસેલાં નથી.

પ. ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં, આરોપીનું સી.આર.પી.સી.ની કલમ : ૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો ન હોઈ, વિશેષ

નિવેદન લેવામાં આવેલ નથી.

૬. ત્યાર બાદ, સદર કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીને તથા આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામા આવી.

૭. આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુ દ્દા ઓ ::-**

:૧: શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ બનાવના સમયે સ્થળે તા. ૨૨/૩/૦૭ના કલાક:૨૨/૦૦ વાગે ફરીયાદીના ઘર આગળ ફરીયાદીને માને તમે અમારા ઘર આગળ કચરો નાંખી ગંદકી કેમ કરો છો'' તેમ કહી બોલાચાલી ઝઘડો કરી, બીભત્સ ગાળો બોલી,લોખંડની પાઈપ વડે ફરીયાદીના જમણા કાન ઉપર માથાના ભાગે મારી ઈજા કરી, ગુનો કર્યા સબબ ભારતીય દંડ સંહિતાની કલમ-:૩૨૪, ૨૯૪(ખ) બી.પી.એકટ કલમ:૧૩૫(૧ ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આ કોર્ટની હકુમતમા કરેલ છે ?

:૨: શું હુ ક મ ?

૮. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

:૧: નકારમાં.

:૨: આખરી હુકમ મુજબ.

૯. ઉપરોકત નિર્ણયોનાં મારાં વિગતવારનાં કારણો નીચે મુજબ છે.

**'' કા ર ણો ''**

**મુદ્દા નં. ૧ ::–**

૧૦. આ કામે ફરિયાદ પક્ષે વર્તમાન આરોપી સામે ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો આક્ષેપ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ તથા ૧૦૨ મુજબ નિ:શંકપણે સાબિત કરવા માટે અંક–૬ થી રાજેશ ફકાજી તથા સવિતાબેન ફકાજી ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદે એવો પુરાવો આપેલ છે કે, બનાવનાં દિવસે, સમયે અને સ્થળ ` આરોપીને ફરીયાદી સાથે તેમના ઘર આગળ કચરો નાંખવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી, તેઓએ આ કામની ફરિયાદ આપેલી. આજુબાજુના માણસો ભેગા થઈ જતા ધકકા મુકકીમા ઈજા થયેલી જેની સારવાર કરાવેલ, તે સિવાય બીજું કાંઈ બનેલ નથી. તેઓએ બનાવની

ફરિયાદ આપેલ, જે ફરિયાદ રજૂ કરી, સહી ઓળખી બતાવી, આંક–૭ થી રજૂ કરવામાં આવેલ છે. આ સાહેદે ફરિયાદ પક્ષનાં કેસની હકીકતોને સમર્થન ન આપતાં, ખુદ ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલ છે. ત્યાર બાદ આ સાહેદની બચાવ પક્ષ દ્વારા ઉલટતપાસ કરતાં, તેઓએ સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું અને આરોપી સાથે રાજી–ખુશીથી, ઘરમેળે સમાધાન થયેલ હોવાનું જણાવેલ છે. ફરિયાદ પક્ષનાં કેસ અનુસાર હાલનાં કેસમના આ સાહેદ છે અને છતાં આ સાહેદનો સમગ્ર પુરાવો તથા આરોપી પક્ષે કબુલ કરવામા આવતા, દસ્તાવેજી પુરાવો આંક– ૯ થી ૧૨ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, મુદ્દામાલ રીકવરીનુ પંચનામુ અને ઈજાના સારવાર સર્ટીની નકલ તથા જાહેરનામાની નકલ રજુ છે. જે ધ્યાને લેતાં, તેઓએ ફરિયાદ પક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી. તેઓની સમગ્ર જુબાનીનો નિચોડ જોતાં, આરોપી પર ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો ગુનો આરોપીએ આચરેલ હોવાનું નિ:શંકપણ પુરવાર થતું નથી અને તે રીતે વર્તમાન આરોપી સામે ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો આક્ષેપ નિ:શંકપણે સાબિત કરવામાં ફરિયાદ પક્ષ સફળ થયેલ ના હોઈ, મુદ્દા નં. ૧ નો જવાબ

નકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આ ખ રી હુ ક મ ::-**

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ :૨૪૮ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૨૪, ૨૯૪(ખ) બી. પી. એકટની કલમ :૧૩૫(૧) મુજબનાં શિક્ષાને પાત્ર ગુનામાંથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરેલ મુદ્દામાલ લોખંડની પાઈપનો અપીલ સમય બાદ નાશ કરવો.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૪૩૭ (એ) મુજબ અપીલ સમય માટે આરોપીએ રૂપિયા ૫,૦૦૦-૦૦ ( અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) નાં જામીન આપવાના રહેશે અથવા જુના જામીન ચાલુ રહેતા હોવાની પુરસીસ રજુ રાખવી.

આજ રોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૨૯-૦૬-૨૦૧૮
અમદાવાદ

( અતુલકુમાર રજનીકાંત પટેલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં. ૭
અમદાવાદ.
UNIQUE CODE GJ00710